પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૫૧, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૭-૦૬-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 251 PRICE :-RS. 1.50 DATE : 17-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# તારાપુર પાસે ટ્રક-ઈકો વચ્ચે જીવલેણ અકસ્માતઃ ૯ના કમકમાટીભર્યા મોત





★ મૃતકોમાં ૫ પુરુષ,૨ મહિલા અને ૨ બાળકોનો સમાવેશ, સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપીઃ રાષ્ટ્રપતિ, વડાપ્રધાન મોદી, અમિત શાહ, મુખ્યમંત્રી રૂપાણીએ દુઃખ વ્યક્ત કર્યું, કેન્દ્ર સરકારે ૨ લાખ રૂપિયાની સહાય જાહેર.

★ અકસ્માતના પગલે રસ્તામાં લાશોના ઢગલાંથી ચકચાર મચી, જલગાંવથી પ્રાસંગિક કામ પતાવી હસીખુશી પરત ફરતા પરિવારને કાળ ભરખી ગયો.

આણંદ,
ભાવનગરના વરતેજનો અજમેરી પરિવાર સુરતથી પરત ફરી રહ્યો હતો. જલગાંવથી પ્રાસંગિક કામ પતાવીને હસીખુશી સાથે પરત ફરી રહેલા આ પરિવારને ક્યાં ખબર હતી કે તારાપુર-વટામણ હાઈવે પર મોત તેમની રાહ જોઈ રહ્યું છે. તારાપુર પાસે ઈન્દ્રણજ પાસે આ પરિવારની ઈકો કાર પહોંચી ત્યારે કાળ બનીને આવેલી ટ્રક ધડાકાભેર ઈકો સાથે અથડાઈ હતી, જેમાં કારમાં સવાર અજમેરી પરિવારના સાત સભ્યો અને ડ્રાઈવરનાં કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં. મૃતકોની ચિચિયારીઓથી વહેલી સવારે શાંત રહેલો હાઈવે ગુંજી ઊઠ્યો હતો. અકસ્માતમાં ઈકોનો ફુરચો બોલી ગયો અને કારમાં જ મૃતદેહોનો ઢગલો થઈ ગયો હતો.

તારાપુરના ઈન્દ્રણજ દુરાવેટ ફેકટરી પાસે વહેલી સવારે ગમખ્વાર અકસ્માતની ઘટના ઘટી છે. સુરતથી ભાવનગર જતી ઈકો ગાડી અને ટ્રક વચ્ચે ધડાકાભેર થયેલા અકસ્માતમાં ગાડીમાં સવાર એક નાની બાળકી સહિત ૯ વ્યક્તિનાં મોત થયાંની બાબતથી સમગ્ર પંથકમાં અરેરાટી અને ગમગીની વ્યાપી ગઈ છે. અકસ્માતને પગલે અહીં ટ્રાફિકજામ થયો છે. ઘટનાસ્થળે ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ પહોંચી છે તેમજ તારાપુર પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી મૃતકોની ઓળખ કરી તેમનાં પરિવારજનોને જાણ કરવા સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મહત્ત્વનું છે કે ઈકો ગાડી ટ્રક નીચે ઘૂસી જતાં ગાડીમાં સવાર તમામ લોકોનાં મોત થયા છે. અકસ્માતમાં મૃત્યુ પામનાર લોકોમાં ૫ પુરુષ, ૨ મહિલા અને ૨ બાળકોનો સમાવેશ થાય છે.

અકસ્માત એટલો ભયાનક હતો કે ગાડીને ટ્રકમાંથી બહાર કાઢવા માટે ક્રેનનો ઉપયોગ કરવો પડ્યો હતો. ઈકો કારની અંદરના દ્રશ્યો એટલા ભયાવહ હતા કે કારમાંજ મૃતકોનો ઢગલો થઈ ગયો હતો. અકસ્માતની જાણ થતાં જ આસપાસના ગામોના રહિશો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પોલીસની સાથે રહી મૃતદેહોને કારમાંથી બહાર કાઢીને હોસ્પિટલ મોકલવા માટે મદદ કરી રહ્યાં હતા. એટલામાં જ ૧૦૮ આવતા મૃતદેહોને રેફરલ હોસ્પિટલ ખસેડવામાં મદદ કરી હતી.

આણંદ અકસ્માત અંગે PM મોદીએએ દુઃખ વ્યક્ત કર્યુ છે અને કેન્દ્ર સરકારે રૂ.૨ – ૨ લાખ સહાય જાહેર કરી હતી. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે ટ્વિટ કરીને દુઃખ વ્યક્ત કર્યું છે. ગત મહિને ૨૧ મેના રોજ પાલનપુર તાલુકાના રતનપુર પાસે લગ્નપ્રસંગથી પરત આવી રહેલા પરિવારને કાળ ભરખી ગયો હતો. મોડી રાત્રે ઈકો અને ટ્રક વચ્ચે થયેલા અકસ્માતમાં એક જ પરિવારના ૪ લોકોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ૪ લોકોને ઈજા પહોંચતાં સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખસડેવામાં આવ્યા હતા.

આ મામલે આણંદ એસ.પી.એ જણાવ્યું હતું કે, "તારાપુર પાસે થયેલા અકસ્માતમાં નવ લોકોનાં મોતની પુષ્ટિ થઈ ગઈ છે. તમામ મૃતકોની ઓળખ કરી લેવામાં આવી છે. ટ્રક ડ્રાઈવરની પણ ઓળખ કરી લેવામાં આવી છે. પોલીસ થોડા જ સમયમાં આરોપીની ધરપકડ કરશે અને આગળની કાર્યવાહી કરશે.

## રૂપાણી સરકારનો દાવો પોકળઃ વેક્સિનેશનમાં ગુજરાત પાછળ ધકેલાયું

ન્યુ દિલ્હી,
બે દિવસ પહેલા ગુજરાતમાં સૌથી વધુ વેક્સિનેશન થયુ હોવાના દાવો કરાયો હતો. પરંતુ આ દાવો પોકળ સાબિત થયો છે. અત્યાર સુધી વેક્સિનેશનમાં અવ્વલ રહેતુ ગુજરાત હવે પાછળ ધકેલાયું છે. મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં ગુજરાત કરતા વધુ વેક્સિનેશન નોંધાયું છે. મહારાષ્ટ્રમાં ૨ કરોડ ૬૨ લાખ કરતા વધુ ડોઝ અપાયા છે. તો ઉત્તર પ્રદેશમાં ૨ કરોડ ૩૮ લાખ કરતા વધુ ડોઝ અપાયા છે. તો આ બંને રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં ૨ કરોડ ૮ લાખ ૫૮ હજાર કરતા વધુ ડોઝ અપાયા છે.



ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા શનિવાર સુધી ગુજરાતમાં ૨ કરોડ લોકોએ વેક્સિન લગાવી હતી. આ સાથે જ ગુજરાત રાજ્ય વેક્સિનેશનમાં સમગ્ર ભારતમાં પહેલા નંબર પર પહોંચી ગયું હતું. રાજ્યમાં શનિવાર સુધી ૨ કરોડ ૩૦ હજાર ૩૯૨ લોકોએ વેક્સિન લગાવી હતી. ૧૮ થી ૪૫ વર્ષના ૨ લાખથી વધુ લોકોએ વેક્સિનનો પહેલો ડોઝ લીધો છે. તો આ કેટેગરીના ૧૧૦૫૩ લોકોએ વેક્સીનનો બીજો ડોઝ લીધો છે.

ગુજરાતમાં વેક્સિનેશન પ્રોગ્રામને પાચં મહિના પૂરા થઈ ગયા છે. આ પાંચ મહિનામાં ૨ કરોડ લોકો વેક્સિનેટેડ થઈ ચૂક્યા છે. મુખ્યમંત્રીએ આ સફળતા પર આરોગ્ય વિભાગના કર્મચારીઓને અભિનંદન આપ્યા હતા.

કોરોનાની સંભવિત ત્રીજી લહેરને ટાળવા માટે વેક્સિનેશન જ એકમાત્ર શસ્ત્ર છે. ત્યારે ગુજરાતમાં ધીરે ધીરે વેક્સિનેશન કામગીરી આગળ વધી રહી છે.

## રાજ્યો પાસે કોરોના રસીના ૧.૦૫ કરોડથી વધુ ડોઝ

ન્યુ દિલ્હી,
રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પાસે હજી પણ કોરોના રસીના ૧.૦૫ કરોડ ડોઝ ઉપલબ્ધ છે અને આગામી ત્રણ દિવસમાં વધુ ૪૭,૪૩,૫૮૦ ડોઝ તેમને આપવામાં આવશે, એમ કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું હતું.

અત્યાર સુધીમાં ભારત સરકારે રસીના કુલ ૨૬,૬૯,૧૪,૯૩૦ ડોઝ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આપ્યા છે, જેમાંથી બગાડ સહિત ૨૫,૬૭,૨૧,૦૬૯ ડોઝનો વપરાશ થયો છે.

અને રસીના ૧,૦૫,૬૧,૮૬૧ ડોઝ હજી પણ રાજ્યો પાસે ઉપલબ્ધ હોવાનું કેન્દ્ર સરકારે જણાવ્યું હતું. રાષ્ટ્રવ્યાપી રસીકરણના ભાગરૂપે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મફતમાં રસી આપવામાં આવે છે. ટ્રેસ, ટ્રેક, ટ્રીટ સહિત રસીકરણ એ કોરોના મહામારીનો સામનો કરવા માટેના મહત્ત્વના આધારસ્તંભ છે.

## રથયાત્રાની તૈયારીઓ શરુઃ પરંપરાગત ૧૮ ગજરાજ જળયાત્રામાં હાજર રહેશે

અમદાવાદ,
જળયાત્રા અને રથયાત્રાની મંદિરમાં તૈયારી શરૂ કરી દેવાઈ છે. જેમાં પરંપરાગત ૧૮ ગજરાજ જળયાત્રામાં હાજર રહેશે. ગજરાજને અન્ય રાજ્યોમાંથી મંદિર લાવવા માટે આમંત્રણ અપાયું છે. મંદિરના મુખ્ય ગજરાજ ભુદર નદીના આરે જળયાત્રામાં રહેશે.

૧૭ ગજરાજ મંદિરના પ્રાંગણમાં રહેશે. નગરના નાથના વાઘા બનાવવા માટે મંદિરમાં તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. અને રજવાડી વેશના વાઘા બનાવવા ઓર્ડર અપાયો છે. વાઘા બનવવા માટે સ્પેશિયલ વૃંદાવન અને મથુરાથી કાપડ મંગાવ્યું છે.

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૪મી રથયાત્રાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. એએમસી દ્વારા રથયાત્રા રૂટ પર સમારકામ હાથ ધરાયું છે. જગન્નાથ મંદિર બહાર રોડ પર પડેલા ખાડાઓ દૂર કરવા તંત્રએ કામગીરી શરૂ કરી છે. કોર્પોરેશન દ્વારા ખાડાઓ પુરવામાં આવ્યા છે. રથયાત્રાના રૂટ પર રસ્તાના સમારકામ અને ખાડાઓ પૂરવા સૂચના આપવામાં આવી છે. રથયાત્રાની મંજૂરી પર અસમંજસ વચ્ચે તંત્રએ તૈયારીઓ શરૂ કરી છે.

ગુજરાતના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએએ નિવેદન આપ્યું હતું કે, અમદાવાદમાં રથયાત્રા યોજાશે કે કેમ તે અંગે કોરોનાની સ્થિતિને લઈને નિર્ણય લેવામાં આવશે.

## ફરી યુદ્ધના ભણકારા! ગાઝા પટ્ટીમાં ઈઝરાઈલનો ભયંકર હુમલો

જેરુસલેમ,
ગત મહિને ૧૧ દિવસ સુધી ચાલેલા ઈઝરાયલ-હમાસ યુદ્ધનો અંત એક સીઝફાયર સાથે આવ્યો હતો. પરંતુ ઈઝરાયલ અને ગાઝા ફરી એક વખત આમને-સામને આવી ગયા છે. જાણવા મળ્યા મુજબ ઈઝરાયલે ગાઝા પટ્ટી પર ફરી એક વખત હુમલો કરી દીધો છે. ઈઝરાયલે સીઝફાયરનું ઉલ્લંઘન કરીને ફરી એક વખત ગાઝા પટ્ટી તરફ રોકેટ તાક્યા છે જેને ૨૧ મેના રોજ થયેલા સીઝફાયરના અંત તરીકે જોઈ શકાય છે. ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલો આ હુમલો સીઝફાયર સમજૂતી બાદની સૌથી મોટી ઘટના છે.



આ હુમલા અંગે ઈઝરાયલે એવી સ્પષ્ટતા કરી છે કે, હમાસે તેમના તરફ આગના ગોળા તાક્યા તેના જવાબમાં આ હુમલો કરવામાં આવેલો. તેના થોડા સમય પહેલા તાજેતરમાં જ ઈઝરાયલી દક્ષિણપંથીઓએ પૂર્વ જેરૂસલેમ તરફ માર્ચ યોજી હતી જેમાં ખૂબ જ ઉત્તેજક નારા બોલાવવામાં આવ્યા હતા જેનાથી પેલેસ્ટાઈન નારાજ હતું.

ઉલ્લેખનીય છે કે, ૧૧ દિવસ સુધી ચાલેલું હમાસ અને ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ એક દશકામાં થયેલું ચોથું યુદ્ધ હતું. આ યુદ્ધમાં ઈઝરાયલ અને હમાસે સેંકડો હવાઈ હુમલા કર્યા હતા. યુદ્ધમાં ૨૫૦ કરતા પણ વધારે લોકો માર્યા ગયા હતા જેમાં મોટા ભાગના પેલેસ્ટાઈની નાગરિક હતા. ૨૧ મે, ૨૦૨૧ના રોજ એક સીઝફાયર સમજૂતી દ્વારા આ યુદ્ધનો અંત આવ્યો હતો. પરંતુ હવે આ સીઝફાયર સમજૂતીનો અંત જણાઈ રહ્યો છે.

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સના નિવેદન પ્રમાણે તેમના ફાઈટર વિમાનોએ ખાન યૂનિસ અને ગાઝા શહેરમાં હમાસ દ્વારા સંચાલિત થઈ રહેલા મિલિટ્રી અડ્ડાઓ પર હુમલો કર્યો છે. ઈઝરાયલ આર્મીના કહેવા પ્રમાણે તે જગ્યાઓએથી આતંકવાદી ગતિવિધિઓ સંચાલિત થઈ રહી હતી.

## પેટ્રોલ અને ડીઝલના ફરીથી વધ્યા ભાવ, જયપુરમાં કિંમત ૧૦૦ને પાર

ન્યુ દિલ્હી,
બુધવારે એક વાર ફરીથી પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં વધારો થયો છે. આજે પેટ્રોલના ભાવમાં ૨૫ પૈસા અને ડીઝલના ભાવમાં ૧૪ પૈસા પ્રતિ લિટર સુધીનો વધારો થયો છે. તમને જણાવી દઈએ કે મંગળવારે રાતો ઈંધણના ભાવ સ્થિર હતા પરંતુ આજે ફરીથી વધી ગયા છે ત્યારબાદ પેટ્રોલ રેકોર્ડ સ્તરે પહોંચી ગયુ છે. તમને જણાવી દઈએ કે સોમવારે ડીઝલના ભાવોમાં ૩૦થી ૩૧ પૈસાનો અને પેટ્રોલની કિંમતમાં ૨૮થી ૨૯ પૈસાનો વધારો થયો છે. વધતા ભાવોના કારણે ડીઝલની કિંમત પણ ઘણા શહેરોમાં ૧૦૦ રૂપિયાને પાર પહોંચી ગઈ છે.




ઉલ્લેખનીય છે કે ૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો આવ્યા બાદથી ૨૬ વાર પેટ્રોલ અને ડીઝલના ભાવ વધી ચૂક્યા છે. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યુ કે હાલમાં સરકારની આવક ઘટી ગઈ છે. આવક ઘટવાના કાણે ખર્ચ વધી ગયો છે. હું એ વાતને સ્વીકારુ છુ કે ઈંધણના વધતા ભાવોથી લોકોને મુશ્કેલી થઈ રહી છે પરંતુ સરકાર પર ખર્ચાનો બોજ વધુ છે એવામાં ઈંધણના ભાવ અત્યારે ઘટાડી શકાય નહિ.

## ધોરણ-૧૦નું પરિણામ ૨૪મી જૂન સુધી જાહેર થવાની સંભાવના

ગાંધીનગર,
કોરોના કાળમાં સમગ્ર દેશ અને દુનિયામાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવૃતિઓ માથે બ્રેક લાગી ગઈ છે. આ કપરા સમયમાં મોટેરાઓ જ્યાં હેરાન થયા છે, ત્યાં નાના બાળકો અને વિદ્યાર્થીઓના હિતને જોતા સરકારોએ સમય સમયે નિર્ણયો લઈને શાળાકીય પ્રવૃતિઓને બંધ રાખી હતી, જે બાદ પરીક્ષાઓ રદ કરી માસ પ્રમોશનના નિર્ણયો પણ લેવાયા છે. જો કે, વિદ્યાર્થીઓ અને વાલીઓને સતાવતો સૌથી મોટો પ્રશ્ન તો પરિણામનો છે.

ત્યારે હવે એવી વાવડ આવી રહ્યા છે કે, આગામી ૨૫મી જૂનના રોજ ધોરણ ૧૦નું પરિણામ જાહેર થાય તેવી શક્યતા છે. ધોરણ ૧૦નું આ પરિણામ ધોરણ ૯ની સામાયિક કસોટી અને ધોરણ ૧૦ની એકમ કસોટીના આધાર તૈયાર કરવામાં આવશે.જેમા ૮૦ માર્કર્સનું મૂલ્યાંકન ધોરણ ૯ અને ધોરણ ૧૦ તથા શાળાના મૂલ્યાંકનમાંથી ૨૦ ગુણ એમ ગણતરી માંડવામાં આવશે. પ્રથમ અને બીજી કસોટી ૪૦ ગુણમાં રૂપાંતરિત કરવામાં આવશે. જે વિદ્યાર્થી ૮૦માંથી ૨૬ કે સ્કૂલના ૨૦માંથી ૭ માર્ક્સ ન મળે તો પણ તેને પાસ કરી તેની માર્ક્સશીટમાં ક્વાલિફાઈડ ફોર સેકન્ડરી સ્કૂલ લખી આપવામાં આવશે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને માર્ક્સ આપવાની પદ્ધતિ જાહેર કરી દેવામાં આવી છે. જેના આધારે વિદ્યાર્થીઓને પાસ કરવામાં આવશે.શિક્ષણ બોર્ડ દ્વારા માર્ક્સ અપલોડ કરવાની અંતિમ તારીખ ૧૭ જૂન જાહેર કરી છે.શાળા કક્ષાના માર્કસ બોર્ડની વેબસાઈટો પર ૮ જૂનથી ૧૭ જૂન સાંજના ૫ કલાક સુધી ભરવાના રહેશે.

## હવે કોવિન વેક્સિન તમામને મળશેઃ રજીસ્ટ્રેશનની અનિવાર્યતાને સમાપ્ત કરાઈ

ન્યુ દિલ્હી,
કોરોનાને રોકવા માટે દેશમાં વેક્સિનેશન અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. વેક્સિનને કોરોનાની લડાઈમાં સૌથી મજબૂત હથિયાર માનવામાં આવી રહ્યું છે. દેશમાં કોરોના સંક્રમણની બીજી લહેર ભલે નબળી પડી ગઈ હોય, પરંતુ અત્યારે પણ ખતરો ઓછો થયો નથી. કોરોના વેક્સિન દરેક વ્યક્તિને મળી શકે તે માટે સરકારે રસી લેવાના નિયમોને વધારે સરળ કરી દીધા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે લોકોને સુવિધા આપતા કોવિન એપ અથવા વેબસાઈટ પર રજીસ્ટ્રેશનની અનિવાર્યતાને સમાપ્ત કરી દીધી છે. સરકારના નવા નિયમો પ્રમાણે કોઈ પણ વ્યક્તિ પોતાના નજીકના વેક્સિનેશન સેન્ટર જઈને ઑન સાઈટ રજીસ્ટ્રેશન કરાવી શકે છે અને વેક્સિન લઈ શકે છે. ॅ તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં સરકાર તરફથી જાણકારી આપવામાં આવી છે કે કોરોના વેક્સિન દેશના દરેક ખૂણા સુધી પહોંચાડવા માટે હેલ્થ વર્કર્સ અને આશા વર્કર્સ ગ્રામીણ વિસ્તારો અને શહેરી સ્લમ્સ વિસ્તારોમાં જશે અને લોકોને ઑન-સાઈટ રજીસ્ટ્રેશન માટે જાગૃત કરશે. ઉલ્લેખનીય છે કે ઘણા લોકો અત્યારે પણ ઑનલાઈન રજીસ્ટ્રેશન નથી કરાવી શકી રહ્યા. આ જ કારણ છે કે ગ્રામીણ વિસ્તારોમાં કોરોના વેક્સિનેશન અભિયાનની ઝડપ ઘણી ઓછી છે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાણકારી આપતા કહેવામાં આવ્યું છે કે ૧૩ જૂન સુધી કોવિડ દ્વારા કરવામાં આવેલા ૨૮.૩૬ કરોડ રજીસ્ટ્રેશનમાંથી ૧૬.૪૫ કરોડ (૫૮ ટકા) લાભાર્થીઓએ ઑનસાઈટ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં કોરોના વેક્સિનેશન અભિયાનની શરૂઆત ૧૬ જાન્યુઆરીના થઈ હતી. ૧૬ જાન્યુઆરીથી અત્યાર સુધી દેશમાં ૨૬ કરોડથી વધારે લોકોને કોરોના રસીના ડોઝ આપવામાં આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાણકારી આપતા કહેવામાં આવ્યું છે કે મંગળવારના ૧૮-૪૪ વર્ષની વયજૂથના ૧૩,૧૩,૪૩૮ લોકોને રસીનો પહેલો ડોઝ આપવામાં આવ્યો, જ્યારે ૫૪,૩૭૫ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એમ. વાય. વોરા
મુ. કાદવીયા,
તા. કાલોલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વાય. ટી. વોરા
મુ. ચલાલી,
તા. કાલોલ

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહિસાગર જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી : જિલ્લામાં કોરોનાના કુલ ૭૪૮૯ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે રાહત છે. આજે જિલ્લામાં એક પણ પોઝીટીવ કેસ નોધાયો નથી. આમ,જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૬-૦૬-૨૦૨૧ સુધીમાં ૭૪૮૯ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લાખમાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ અને સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૩૮૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૨૭૧૨૨૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૦૭ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૨૭ દર્દી હોમઆઇસોલેશનમાં, ૦૩ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૦૨ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૩ દર્દીઓ સ્ટેબલ, ૦૨ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

## વલસાડ SOGએ ગેરકાયદેસર બાયો-ડિઝલ વેચાણના રેકેટનો પર્દાફાશ કર્યો



વલસાડ,
વલસાડ જિલ્લા એસ.ઓ.જી પોલીસે ફરી એક વખત વલસાડ જિલ્લામાં ચાલતા ગેરકાયદેસર બાયો ડીઝલ વેચાણનાં રેકેટનો પર્દાફાસ કર્યો છે. આ વખતે એસઓજીની ટીમે વલસાડના ધરમપુર રોડ પરથી ગેરકાયેદસર વેચાણ થતા ૭૫૦ લીટરથી વધુ બાયો ડિઝલનો જથ્થો અને અન્ય સામગ્રી મળી અંદાજે ૧૬ લાખથી વધુના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીઓને દબોચી લીધા છે. આરોપીઓ અગાઉ ચાલતો બાયો ડિઝલનો પંપ બંધ થઈ જતાં તેઓએ શોર્ટકટમાં પૈસા કમાવાનું ચાલુ જ રાખ્યું હતું. મહત્વપૂર્ણ છે કે વલસાડ જિલ્લા પોલીસે છેલ્લા એક મહિનામાં ૧૦ થી વધુ બાયોડીઝલના કેસ નોંધી અનેક આરોપીઓની ધરપકડ કરી લાખો રૃપિયાનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. જોકે વલસાડ જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પરથી પસાર થતા વાહનોમાં ઈન્ડસ્ટ્રીયલ ઓઈલ કે ડુપ્લીકેટ બાયોડીઝલ બનાવી સસ્તા ભાવે આ વાહનોમાં બાયો ડીઝલ ભરવાનું એક મસમોટું રેકેટ ચાલતું હતું.

અત્યાર સુધી પોલીસે જિલ્લા ના અનેક વિસ્તારોમાંથી બાયોડીઝલનો રેકેટ ઝડપી પાડયા છે. જેમાં વધુ એક કિસ્સો વલસાડ ધરમપુર રોડ પર સામે આવ્યો છે. જેમાં શાંતિલાલ આહીરનામનો મુખ્ય આરોપી જે અગાઉ એસ.વી.એલ નામનો બાયો ડીઝલનો પંપ ચલાવતો હતો પરંતુ જિલ્લામાં ચાલતા બાયો ડીઝલ પંપોને તંત્રએ બંધ કરાવી દેતા સ્થાયી પં ની જગ્યાએ પોતાની માલિકીની મહિન્દ્રા પીક-અપ ગાડીમાં જ લોખંડની ટાંકી બનાવીને તેમાં ડીઝલનો જથ્થો ભરી અને ત્યારબાદ અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર થી પસાર થતા ભારે વાહનોમાં સસ્તા ભાવે બાયોડીઝલ ભરી આપવાનું રેકેટ ચલાવતો હતો.

વલસાડ એસ.ઓ.જી પોલીસ ની ટીમ ના પીઆઈ વી બી બારડ અને પીએસઆઈ એલ.જી રાઠોડ ને કે.જે. રાઠોડ ની ટીમને મળેલી બાતમીના આધારે જ્યારે એસઓજીની ટીમે રેડ કરી એ વખતે પણ આરોપીઓ મહિન્દ્રા પીક-અપ ગાડી માં પોતે બનાવેલા હરતા-ફરતા બાયો ડીઝલ પંપ માંથી એક ટ્રકમાં બાયો ડીઝલનો જથ્થો ભરી આપતા હતા એ વખતે જ પોલીસે રંગેહાથ ઝડપી પાડયા હતા.

## સરકારી બસમાંથી મહિલા ગાંજાનો જથ્થા સાથે ઝડપાઈ



રહેલી મહિલા પ્રવાસીના થેલાની તપાસ કરી હતી.

સુરત,
ગ્રામ્ય એસઓજી ટીમના માણસોને ચોક્કસ બાતમી મળી હતી કે, અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે ૪૮ પર પસાર થઈ રહેલી સરકાર બસમાં એક મહિલા પ્રવાસી ગાંજોનો જથ્થો લઈને બેઠી છે. જે ચોક્કસ બાતમીની આધારે સુરત પોલીસે બસનો પીછો કર્યો હતો અને પીપોદ્રા નજીક બસને ઉભી રાખીને બસમાં રહેલી મહિલા પ્રવાસીના થેલાની તપાસ કરી હતી.

તપાસ કરતા સાત કિલો ગાંજો મળી આવ્યો હતો. સુરત પોલીસે મહિલાની પૂછપરછ કરતા તેને ગાંજો સુરતના કતારગામ વિસ્તારમાંથી ગણેશ નામના શખ્સ પાસેથી લાવી હોવાનું જણાવ્યું હતું. સુરત પોલીસે મહિલા પ્રવાસી પાસેથી ગાંજો, મોબાઈલ, રોકડ મળી કુલ ૮૫ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરીને મહિલા વિરુદ્ધ નાર્કોટીક ધારા હેઠળ કાર્યવાહી કરી હતી.

## કોરોનાના દૈનિક કેસોમાં ઘટાડો, ૨૪ કલાકમાં ૨૫૪૨ લોકોના મોત

ન્યુ દિલ્હી,
દેશમાં કોરોના વાયરસની બીજી લહેર નબળી પડી રહી છે, ત્યારે સંક્રમણના દર અને રોજ આવતાં કોરોનાના કેસોમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. કોરોનાના એક્ટિવ કેસ પણ સતત ઘટી રહ્યાં છે. કેન્દ્રીય સ્વાસ્થય વિભાગના આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૬૨,૨૨૪ નવા કેસ સામે આવ્યા છે. જેની સાથે દેશમાં અત્યાર સુધી કોરોનાના કેસની સંખ્યા ૨૯૬૩૩૧૦૫ પર પહોંચી ગઈ છે.

અત્યાર સુધી સામે આવેલા કુલ કેસમાંથી ૨.૮૩ કરોડથી વધુ લોકો સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈ ગયા છે. દેશમાં હાલ ૮૬૫૪૩૨ એક્ટિવ કેસ છે. સ્વાસ્થ્ય વિભાગના આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના સંદર્ભે ૧૯.૩૦ લાખથી વધુ ટેસ્ટ થયા છે અને તેમાંથી ૬૨૨૨૪ લોકો પોઝિટિવ આવ્યા છે. એટલે કે સંક્રમણનો દર હવે ઘટીને ૩.૨૨ ટકા રહ્યો છે. દેશમાં હવે રિકવરી રેટ ૯૫.૭૯ ટકા સુધી પહોંચી ગયો છે. કોરોનાના દૈનિક કેસમાં ઘટાડો અને સાજા થયેલા દર્દીઓની સંખ્યામાં વધારો થવાથી એક્ટિવ કેસનો આંકડો ઘટીને ૮,૬૫,૪૩૨ થઈ ગયો છે.

જો કે, કોરોનાની લીધે થતાં મોત હજુ પણ ચિંતાનો વિષય છે. સંક્રમણ ઘટવાની સાથે નવા કેસ ભલે ઘટી રહ્યાં છે, પરંતુ મોતના આંકડામાં તેટલો ઘટાડો થયો નથી. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાને લીધે ૨૫૪૨ લોકોનાં મોત નિપજ્યાં છે. અત્યાર સુધી દેશમાં ૩.૭૯ લાખથી વધુ લોકો આ વાયરસમાં જીવ ગુમાવી ચૂક્યાં છે.

બીજી બાજુ, એક વખત ફરી વેક્સિનેશન અભિયાને ગતિ પકડી છે. સ્વાસ્થ્ય વિભાગ અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨૮ લાખથી વધુ લોકોને વેક્સિન આપવામાં આવી છે. અત્યાર સુધી દેશમાં કુલ ૨૬.૧૯ કરોડ લોકોને વેક્સિન મળી ચૂકી છે. જેમાંથી ૨૧.૨૬ કરોડને પ્રથમ ડોઝ અને ૪.૯૩ કરોડને બન્ને ડોઝ અપાઈ ચૂક્યાં છે.

## ઉ.પ્ર.ના ગાઝિયાબાદમાં ધાર્મિક ભાવના ભડકાવવા મુદ્દે ટ્વિટર સહિત ૯ લોકો વિરુદ્ધ FIR




ગાઝિયાબાદ,
નવા આઈટી રૂલ્સનું પાલન ન કરવું ટ્વીટરને ભારે પડી ગયું છે. ટ્વીટરને ભારતમાં મળતું લીગલ પ્રોટેક્શન એટલે કે કાયદાકીય સુરક્ષાનો અંત આવ્યો છે. સરકારે ૨૫ મેના રોજ નવા નિયમ લાગુ કર્યા હતા પરંતુ ટ્વીટરે હજુ સુધી આ નિયમોને લાગુ નથી કર્યા જેથી આ એક્શન લેવામાં આવી છે.

જોકે સરકાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન કે આદેશ જાહેર નથી કરવામાં આવેલો. પરંતુ ટ્વીટરે હજુ સુધી નવા આઈટી નિયમો લાગુ નથી કર્યા માટે તેના લીગલ પ્રોટેક્શનનો જાતે જ અંત આવ્યો છે.

ટ્વીટરનું લીગલ પ્રોટેક્શન દૂર થઈ જાય તે ખૂબ જ ગંભીર મુદ્દો છે. હવે ટ્વીટર ભારતીય કાયદા અંતર્ગત આવી ગયું છે અને કોઈ પણ આપત્તિજનક કન્ટેન્ટ માટે તેને જવાબદાર ઠેરવી શકાશે. સાઈબર લૉ એક્સપર્ટ્સના કહેવા પ્રમાણે 'આઈટી એક્ટની કલમ ૭૯ અંતર્ગત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને લીગલ પ્રોટેક્શન મળે છે. તેમાં કોઈ પણ ગુનાહિત ગતિવિધિઓ માટે કંપનીની જવાબદારી નથી હોતી, પરંતુ જો હવે કોઈ કાયદાનું ઉલ્લંઘન થાય તો તેના માટે ટ્વીટર ઈન્ડિયાના હેડ જવાબદાર ગણાશે.'

સરકારે ૨૫ ફેબ્રુઆરીના રોજ નવા આઈટી નિયમોની જાહેરાત કરી હતી અને તેને લાગુ કરવા માટે ૩ મહિનાનો સમય આપ્યો હતો. તે અંતર્ગત સોશિયલ મીડિયા કંપનીઓને ભારતમાં એક નોડલ અધિકારી, ફરિયાદ અધિકારી અને અનુપાલન અધિકારીની નિયુક્તિ માટે કહેવામાં આવ્યું હતું. નિયમોમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું હતું કે આ ત્રણેય અધિકારીઓ ભારતીય અને કંપનીના અધિકારી હોવા જોઈએ. પરંતુ હજુ સુધી ટ્વીટરે આ નિયમ લાગુ નથી કર્યો.

ગાઝિયાબાદના એક વડીલનો વીડિયો વાયરલ થયો હતો જેમાં કેટલાક લોકો તેમને માર મારતા દેખાઈ રહ્યા હતા. આ ઘટનાને સાંપ્રદાયિક સ્વરૂપ આપવાના આરોપસર ગાઝિયાબાદમાં ટ્વીટર વિરૂદ્ધ પહેલો કેસ પણ નોંધાઈ ગયો છે. એફઆઈઆરમાં ટ્વીટર પર ભ્રામક કન્ટેન્ટ દૂર ન કરવાનો આરોપ લગાવાયો છે.

## મહીસાગર જિલ્લાના વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લેવા માટે જોડાય તેઓ અનુરોધ કરતા જિલ્લા રમત-ગમત અધિકારી

લુણાવાડા,
દેશના નાગરિકોની સામાન્ય શારીરિક તથા માનસિક તંદુરસ્તી જળવાય રહે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૯ ઓગસ્ટ ૨૦૧૯થી ફીટ ઈન્ડિયા મુવમેન્ટ શરૂ કરી છે. જેમાં હમ ફીટ તો ઈન્ડિયા ફીટના સૂત્રને સાર્થક કરવા માટે રાજ્યના તમામ જિલ્લા-તાલુકા-શહેર અને ગામના દરેક નાગરિક તંદુરસ્તી અને સશક્ત જીવનશૈલીને પોતાના જીવનનો ભાગ બનાવે તે અત્યંત આવશ્યક છે. ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલો મંત્રાલય અંતર્ગત રમતગમત વિભાગ દ્વારા દેશભરમાં વ્યક્તિગત તંદુરસ્તીને પ્રોત્સાહન આપવા માટે ફીટ ઈન્ડિયા મુવમેન્ટના નેજા હેઠળ અનેક પ્રવૃત્તિઓની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં ફીટ ઈન્ડિયા થીમ પર ફીટનેશ કા ડોઝ આધા ઘંટા રોજ, ફીટ ઈન્ડિયા કિવઝ (જૂન-૨૦૨૧) અભિયાનનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે રાષ્ટ્રીય કક્ષાની પ્રથમ કિવઝ છે. જેમાં શાળાઓ અને વિદ્યાર્થીઓને મળીને કુલ રૂ. ૩.૨૫ કરોડનું રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

ફીટ ઈન્ડિયા કિવઝના ચાર રાઉન્ડમાં યોજવામાં આવશે. જેમાં શાળા કક્ષાના પ્રાંરભિક રાઉન્ડમાં વિદ્યાર્થીઓની ૦૧ જુલાઈ થી ૩૧ જુલાઈ ૨૦૨૧ નોંધણી શાળા દ્વારા હાથ ધરવામાં આવશે. જેમાં શાળા દિઠ મિનિમમ ૦૨ વિદ્યાર્થી હશે અને તેની રૂ. ૨૫૦ રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે, રજીસ્ટ્રેશન માટે લીંક https://fitindia.gov.in દ્વારા થઈ શકશે. આ ક્વીઝ સ્પર્ધાના પ્રાંરભિક રાઉન્ડમાં રાષ્ટ્રીય પરિક્ષણ એજન્સી (NTA) દ્વારા ૧૩ ભાષાઓ પૈકી પસંદ કરેલ કોઈ ભાષામાં ૦૪ સપ્ટેમ્બર ૨૦૨૧ થી ઓનલાઈન લેવામાં આવશે.

પ્રાંરભિક રાઉન્ડ પછી ક્વોલિફાઈ થયેલ સ્કૂલોમાં ફીટ ઈન્ડિયા મિશન થકી દરેક રાજ્ય/કેન્દ્ર શાસિત કેન્દ્રો દ્વારા ૦૧ ઓકટોબર થી ૩૧ ઓકટોબર ૨૦૨૧ દરમિયાન હાથ ધરવામાં આવશે. જયારે અંતિમ રાઉન્ડ જેમાં દરેક રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશની વિજેતા ટીમો વચ્ચે ૦૧ નવેમ્બર થી ૧૪ નવેમ્બર ૨૦૨૧ દરમિયાન સ્પર્ધા યોજાશે.

આ અંગેની તમામ માહિતી https://fitindia.gov.in પરથી મેળવી શકાશે. આ સ્પર્ધામાં ભારત દેશની ૪ લાખ જેટલી શાળાઓ ભાગ લેનાર છે. જેમાં વિજેતા થનાર શાળા તેમજ વિદ્યાર્થીઓને રૂ.૩.૨૫ કરોડ સુધીના ઈનામો આપવામાં આવશે. ફિટ ઈન્ડિયા અંતર્ગત આ કિવઝ સ્પર્ધામાં મહીસાગર જિલ્લાના વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લેવા માટે જોડાય તેવી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી અને જિલ્લા રમત ગમત અધિકારી લુણાવાડા-મહીસાગર દ્વારા જણાવવામાં આવ્યું છે.

## લુણાવાડા અને ખાનપુર તાલુકાના કાચા માર્ગોમાંથી ડામર રોડ બનાવવાના રસ્તાના કામો માટે રૂા. ૧૪ કરોડ મંજૂર કરવામાં આવ્યા

લુણાવાડા,
રાજયના મુખ્યત મંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ કોરોનાની આ મહામારી વચ્ચે પણ રાજયના વિકાસની ગતિ અવિરત જાળવી રાખી છે. ન રૂકેંગે ન ઝૂંકેગેના મંત્ર સાથે આગળ વધી રહેલ રાજય સરકાર એક પછી એક વિકાસના અનેક કામો હાથ ધરી રહી છે.

જેના ભાગરૂપે નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મહીસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાના રૂા. ૧૪ કરોડના કાચા થી ડામરના રસ્તાના કામો માટે મંજૂર કરવામાં આવ્યા છે.

નાયબ મુખ્યપ મંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા જે કામો મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં ખાનપુર મામલતદાર કચેરીથી નવાઘરો ગામ તરફ જતો રોડ, ફતાજીના ભેવાડા પાકા રસ્તા થી પ્રાથમિક શાળા તરફ જતો રોડ, વાણીયાવાડા ગોરડા બસ સ્ટેમન્ડ થી પ્રાથમિક શાળા થઈ ભાઠીયા ચોકડીને જોડતો રોડ, હાઈવેથી ઝુફરાલી તરફ જતો રોડ, લકડીપોયડા બાધે ફળિયાથી અધૂરો રોડ, લાડનામુવાડાથી પાંચમહુડી મસાદર તરફ જતો રોડ, ઝારાથી પાંચમહુડી સુધીનો રોડ, હડમતિયા થી પાંચમહુડી જતો રોડ, ઉકરડી ડેરી ફળિયાથી નાની ઝાંઝરી મોટી ઝાંઝરી તળાવ સુધીનો રસ્તો અને નાની દેનાવાડ થી નસીકપુર તરફ જતા રોડનો સમાવેશ થાય છે. જયારે થ્રુ રૂટ અ.જી.મા. અને ગ્રા.મા.ને પહોળા કરવાની કામગીરી અંતર્ગત લીમડીયા મહિયાપુરા વાવો સાંપડીયા રોડ (સેક. ૦/૦ થી ૩/૪૦) અને ચાવડીબાઈના મુવાડા એપ્રોચ રોડની કામગીરીનો પણ સમાવેશ કરવામાં આવ્યોન છે.

આમ, આ કાચા માર્ગો ડામર રોડમાં પરિવર્તિત થવાથી આ ગામોને નાગરિકોને અવર-જવરમાં સરળતા રહેવાની સાથે ઝડપથી પરિવહન શકય બનશે.

## ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્ય બનવા માટેની HMATનો કાર્યક્રમ જાહેર કરાયો



ગાંધીનગર,
રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય બનવા માટેની અભિરૂચી કસોટીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ હવે પરીક્ષા માટે ૨૩ જૂનથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની કામગીરી શરૂ કરવામાં આવશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પરીક્ષા માટેનું સત્તાવાર જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું છે. જો કે પરીક્ષાની તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી. ૧૭ જુલાઈ સુધીમાં તમામ કામગીરી પુર્ણ થયા બાદ પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા બે વિભાગમાં હશે અને દરેક પ્રશ્નના જવાબો લખવા ફરજિયાત રહેશે.

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં આચાર્યની નિમણૂંક માટે આચાર્ય અભિરૂચિ કસોટી પરીક્ષા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. આ પરીક્ષા નક્કી કરેલા કેન્દ્રો પર જિલ્લા શિક્ષણાધિકારી મારફતે લેવામાં આવશે.

એચએમએટીની પરીક્ષા માટે ઉમેદવારો ૨૩ જૂનથી ૩ જુલાઈ સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકશે. જે બાદ ૨૩ જૂનથી ૪ જુલાઈ સુધી નેટ બેંકીંગ મારફતે ફી સ્વીકારવામાં આવશે. ૭ જુલાઈથી ૧૫ જુલાઈ દરમિયાન ઉમેદવારોના ભરાયેલા આવેદનપત્રોમાં રજૂ થયેલી લાયકાત અને અનુભવની વિગતોનું જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા વેરીફીકેશન કરી આવેદનપત્ર એપ્રુવ કરવામાં આવશે.

૧૬ જુલાઈથી ૧૭ જુલાઈ દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા એપ્રુવ કરવામાં આવેલા આવેદનપત્રો બોર્ડ ખાતે જમા કરાવવાના રહેશે. બોર્ડ દ્વારા હાલમાં પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી નથી. જો કે આગામી દિવસોમાં બોર્ડ દ્વારા પરીક્ષા અને પરિણામની તારીખ જાહેર કરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૧૭-૦૬-૨૦૨૧, ગુરૂવાર, જેઠ વદ-૭, સૂર્યોદય-૫-૨૨, સૂર્યાસ્ત-૭-૨૦, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ પૂર્વ ફાલ્ગુની

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૭.૦૬.૨૦૨૧ ગુરૂવાર

મેષ (અ.લ.ઈ.):- જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો। ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે।

વૃષભ(બ.વ.ઉ.):- તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

મિથુન(ક.છ.ઘ.):- સ્વાસ્થ્ય સારૂં રહેશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે. સાહસિક લોકો સાથે ભાગીદારીમાં આગળ વધો.

કર્ક(ડ.હ.):- ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારા બાળકને તમારી અપેક્ષાઓ પ્રમાણે કામ કરવા માટે પ્રેરણા આપજો.

સિંહ(મ.ટ.):- તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારા પ્રેમ પ્રકરણ વિશે જાહેરમાં ઢંઢેરો પીટતા નહીં.

કન્યા(પ.ઠ.ણ.):- એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે.

તુલા(ર.ત.):- એવો દિવસ જ્યારે તમારા ચહેરા પર નિરંતર સ્મિત રહેશે અને અજાણ્યા લોકો પણ ઓળખીતા લાગશે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.

વૃશ્ચિક(ન.ય.):- ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે.

મકર(ખ.જ.):- તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો- તો બાળકો સાથે વધુ સમય વિતાવો-તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે.

કુંભ(ગ.શ.સ.):- તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરૅપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે। તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે.

મીન(દ.ચ.ઝ.):- તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે.

# સંજેલી સરપંચે સત્તાની નશામાં TDOની ટીમ ઉપસ્થિતીમાં અરજદાર અને તેના પુત્ર પર હુમલો



સંજેલી,

સંજેલી ગ્રામ પંચાયતમાં સરપંચ દ્વારા ગૌચરમાં થયેલા દબાણો ખુલ્લા કરવા અને ચૌદમાં નાણાપંચમાં ભ્રષ્ટાચારની જાગૃત નાગરીકની રજુઆતને લઈ અરજદાર સાથે તપાસ કરવા ગયેલી ટીમ પર સરપંચે કુટુંબીઓની ગેરકાયદેસર મંડળી રચી અરજદાર અને તેના પુત્ર પર જીવલેણ હુમલો કરતા કાયદેસર કાર્યવાહીની માંગને લઈને જિલ્લા કલેકટરને સંબોધીને સંજેલી ટીડીઓને લેખિત રજુઆત કરાતા ખળભળાટ મચી જવા પામ્યો.

સંજેલી સરપંચ દ્વારા સર્વે નં ૧૧૭ ની ગૌચરની જમીન અને ૧૪ માં નાણાપંચની રજૂઆતની તપાસ માટે ૧૪મીને સોમવારના રોજ તાલુકા વિકાસ અધિકારી હરેશ મકવાણાની ટીમ દ્વારા અરજદારોને સાથે રાખી સ્થળ તપાસ કરવા ગયાં હતાં પરંતુ સરપંચ અને તેના કુટુંબીજનો દ્વારા જીવલેણ હુમલો થતાં અરજદાર અને ગામના આગેવાનો દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવાની માંગને લઈને જીલ્લા કલેકટરને સંબોધીને TDO ને મંગળવારના રોજ લેખિત રજુઆત કરવામાં આવી છે. રજુઆતમાં જણાવ્યા પ્રમાણે ૧૪ ને સોમવારના રોજ બપોરના ૩ કલાકે ટીડીઓ એ અરજદારને ફોન કરી સ્થળ તપાસ કરવા જવા બોલાવ્યા હતા. જેથી અરજદાર જશવંતસિંહ દલપતસિંહ ચૌહાણ અને તેમના પુત્ર વીરેન્દ્ર અને સોમાભાઈ કટારાની સાથે TDO ટીમ દ્વારા રોડ ગટર કામ નવીન બસ સ્ટેશન પાસે પંચાયતે ગૌચરની જમીનમાં નીમ કર્યા વિના કરેલ બાંધકામ ની તપાસ કરી હતી. જે બાદ સરપંચના બંગલાની હદ માપતા સરપંચ કિરણભાઇ રાવત અને તેના કુટુંબીજનો ગેરકાયદેસર મંડળી બનાવી તાલુકા ટીમની ઉપસ્થિતિમાં અરજદાર અને તેના પુત્ર વીરેન્દ્ર સિંહ પર ભયાનક જીવલેણ હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. સાથેસાથે એક્ટ્રોસિટીના કેસમાં ફસાવી દેવાની ધાકધમકીઓ આપી હતી.આમ સરપંચ અને તેના કુટુંબીજનોએ સરકારી કામમાં રૂકાવટ કરતા IPC કલમ ૩૩૨,૧૮૬ મુજબ ફરિયાદ દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

તાલુકાની ટીમની ઉપસ્થિતિમાં અરજદાર અને તેમના પુત્ર પર હુમલો થતાં સ્થળ છોડી ટીમ ઓફિસે રવાના થઈ હતી, પરંતુ અરજદારોને બચાવવા માટે તસ્દી પણ ના લીધી.જેથી જીવલેણ હુમલો કરનાર સરપંચ અને તેના કુટુંબી સામે પોલીસ ફરિયાદ કરી પંચાયત ધારા ધોરણો ૫૭/૧ તેમજ ૧૦૫ મુજબની કાર્યવાહી કરી અરજદારને ન્યાય મળે તેવી અરજદાર સહિત ગામના આગેવાનો દ્વારા જિલ્લા કલેકટરને સંબોધીને લેખિત રજુઆત કરવામાં આવી છે.

સંજેલી સરપંચ દ્વારા ગેરકાયદેસર ગૌચરની જમીનમાં દબાણ અને ચૌદમાં નાણાપંચની તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતા હાઈકોર્ટમાં ત્રીજી વખત અરજદાર દ્વારા રિટ પિટિશન દાખલ કરવામાં આવી છે.

# ફતેપુરા નગરના દબાણો દૂર કરવા TDOએ ગ્રામ પંચાયતને નોટીસ આપી

ફતેપુરા,

ફતેપુરા નગરમાં અનેક જગ્યાએ સરકારી જમીન પર દબાણ કરી દેવાયા છે. જે દબાણો દૂર કરવા માટે ગ્રામજનો દ્વારા વાયરલ થતાં તાલુકા વિકાસ અધિકારીએ તાત્કાલિક દબાણો દૂર કરી અહેવાલ મોકલવા ગ્રામ પંચાયતને નોટિસ ફટકારી હતી. ફતેપુરા નગરમાં સરકારી જમીન દ્વારા અનેકવાર રજૂઆત કરી હોવા છતાં કાર્યવાહી કરાતી હતી.

છેલ્લા બે દિવસથી સોશિયલ મીડિયામાં દબાણો બાબતના મેસેજ વાયરલ થતા તકે અહેવાલ રજૂ કરવા નોટિસ ફટકારી હતી. ફતેપુરા તાલુકામાં પણ અન્ય ગામોમાં દબાણો દૂર કરવા માટે ગ્રામજનો દ્વારા ગામના સરપંચ થી લઈ તાલુકા કક્ષા પ્રાંત અધિકારી

> ફતેપુરા તળાવનો કામ બંધ કરાવ્યો છે,દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાશે.
>
> દબાણ બાબતે તાલુકા વિકાસ અધિકારીએ નોટિસ આપી છે તેમજ તળાવ પર દબાણ કરવા ખોદકામ થતું હોવા બાબતે મામલતદારની સૂચનાથી કામ બંધ કરાવ્યું છે. અને દબાણ કર્તાઓને કાયદેસરની કાર્યવાહી કરાશે સરકારી જમીન પર દબાણ હશે તો ખુલ્લું કરાશે.
>
> **કચરૂભાઈ પ્રજાપતિ (સરપંચ ફતેપુરા ગ્રામ પંચાયત)**

> ફતેપુરા નગરમાં ગામના નામાંકિત વ્યક્તિઓ દ્વારા સરકારી જમીનો પચાવી પાડવાનો કારસો.
>
> ફતેપુરા નગરમાં છેલ્લા કેટલાક વર્ષોથી સરકારી જમીનો પર ગામના વગ ધરાવતા અને પ્રતિષ્ઠિત એવા લોકો દ્વારા સરકારી જમીન હડપ કરવાનો કારસો ચલાવવામાં આવી રહ્યો છે. અમોએ તાલુકા જિલ્લામાં રજૂઆતો કરી છે. ગામમાં તળાવ નો પણ એક તરફ પુરાણ અને બીજી તરફ ખોદકામ કરી દબાણ કરવાના પ્રયાસ કરાઈ રહ્યો છે તે બાબતે પણ અમો એ રજૂઆત કરી છે.
>
> **વિશાલભાઈ નહાર (ગ્રામ પંચાયત સભ્ય)**

અનેકવાર તાલુકા વહીવટી તંત્રને રજૂઆત કરવા છતાં કોઈ કામગીરી હાથ ધરી ન હતી. જ્યારે છેલ્લા બે દિવસથી દબાણો બાબતે સોશિયલ મીડિયામાં મેસેજ પર પ્રતિષ્ઠિત માલદાર અને વગ ધરાવતા ઈસમો દ્વારા દબાણ કરી દેવાયા છે. જેમાં અને કેટલાક સ્થળે પાકા બાંધકામ પણ કરી દેવાયા છે. આ દબાણો બાબતે ગ્રામજનો તાલુકા વહીવટી તંત્ર હરકતમાં આવ્યું હતું અને તાલુકા વિકાસ અધિકારીએ ફતેપુરા ગ્રામ પંચાયત સરકારી જમીન પરના દબાણો દૂર કરી વહેલી કલેકટર અને રાજ્ય કક્ષાએ પણ રજુઆત કરાઈ હોવા છતા દબાણ દૂર કરવામાં આવતા ન હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

# દાહોદના ઉસરવાણ ગામે હેલીપેડ ખાતે ફુરવા ગયેલ વિદ્યાર્થીઓની લુંટ કરનાર ઈસમોને પોલીસે ઝડપ્યા

દાહોદ,

ગત તા.૧૪મી જુનના રોજ દાહોદની કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી અને વિદ્યાર્થી દાહોદ તાલુકાના ઉસરવાણ ગામે હેલીપેડ ખાતે ફરવા ગયાં હતા. જ્યાં મોટરસાઈકલ આવેલ ત્રણ લુંટારૂઓએ આ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને બાનમાં લઈ તેઓની પાસેથી મોબાઈલ ફોન અને મોબાઈલની લુંટ ચલાવી ગયાની ઘટના બાદ પોલીસ મથકે આ ઘટનાની ફરિયાદ નોંધાતાં એક્શનમાં આવેલ દાહોદ તાલુકા પોલીસે ગણતરીના કલાકોમાં ટેકનીકલ માધ્યમોના આધારે આ ગુન્હાને અંજામ આપનાર બે જણાની અટકાયત કરી મોબાઈલ તેમજ રોકડા રૂપીયા કબજે કર્યાનું જાણવા મળે છે.

બે દિવસ અગાઉ દાહોદ લીમખેડા તાલુકાના લુખાવાડા ગામે હોળી ફળિયામાં રહેતા અને કોલેજમાં અભ્યાસ કરતાં ૨૨ વર્ષીય વિશાલભાઈ રાજેશભાઈ પટેલ અને તેની સાથે કોલેજમાં અભ્યાસ કરતી ભુગેડી ગામની દિવ્યાબેન બંને જણા દાહોદ તાલુકાના ઉસારવણ ગામે આવેલ પર્યટક સ્થળ એવા હેલીપેડ ખાતે બપોરના એક વાગ્યાના આસપાસ ફરવા આવ્યાં હતાં. આ દરમિયાન એક મોટરસાયકલ પર સવાર થઈ આવેલા ત્રણ જેટલા અજાણ્યા ઈસમોએ વિશાલભાઈ તથા દિવ્યાબેન પાસેથી મોબાઈલ ફોન નંગ – ૨ તેમજ રોકડા રૂ ૭૦૦૦ તથા ૫૦૦ તેમજ બે મોબાઈલ ફોનની કિંમત મળી કુલ રૂપિયા ૧૨,૮૦૦/– ની માતાની સનસનાટી ભરી ધોળે દિવસે લૂંટ કરી નાસી જતાં આ સંબંધે લુંટનો ભોગ બનેલ યુવક વિશાલ રાજેશભાઈ પટેલ દ્વારા આ સંબંધે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાવી હતી. ત્યારે આ ગુન્હાની ગંભીરતાને ધ્યાનમાં લઈ એક્શનમાં આવેલ દાહોદ તાલુકા પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો હતો અને ઈ – ગુજકોપ પોકેટ કો મોબાઈલમાં અજાણ્યા અપાચી મોટરસાઈકલવાળાની સીરીઝનંબરતો નાંખતાં માલિક તરીકે પરમેશ્વર સમીરસિંહ પલાસ (રહે. મોટી ખરજ, તા.જિ.દાહોદ)નું આવ્યું હતું. આ પરમેશ્વર સમીરસિંહ પલાસના વિરૂદધ અગાઉ ભરૂચ રેલ્વે પોલીસ મથકે, દાહોદ તાલુકાના કતવારા પોલીસ મથકે ગુનો પણ દાખલ થયેલ છે. મોટરસાઈકલના માલીકના ઘરે જતાં પરમેશ્વર ઘરે હાજર મળી આવ્યો હતો. પોલીસે તેની પુછપરછ કરતાં પોતે તથા પોતાનો મિત્ર વિનોદભાઈ સંગ્રામભાઈ માવી (રહે. નાની ખરજ, તા.જિ.દાહોદ) તથા બીજો મિત્ર અવિનાશ (રહે. દેલસર, તા.જિ.દાહોદ) નાઓ ભેગા મળી લુંટ કરી હોવાનું કબુલાત કરી હતી. વિનોદના ઘરે પણ જતાં પોલીસે પરમેશ્વર અને વિનોદ બંન્નેની અટકાયત કરી ગુનો નોંધી દાહોદ તાલુકા પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં કોરોના આંક શુન્ય થતાં તંત્રને રાહત

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે સતત ચોથા દિવસે કોરોના પોઝીટીવનો આંકડો શુન્ય નોંધાયો છે. ઘટતાં કોરોના સંક્રમણને પગલે જિલ્લાવાસીઓએ રાહત અનુભવી છે ત્યારે બીજી તરફ આરોગ્ય તંત્રની કામગીરીમાં પણ બોજ ઓછો થયો છે. હાલ દાહોદ શહેર સહિત જિલ્લામાં વેક્સિનેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

આર.ટી.પી.સી.આર. અને રેપીટ ટેસ્ટના ૨૯૮૨માંથી એકેય કેસ નોંધાયો નથી. જુન માસના પ્રારંભ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આજે એકેય દર્દી કોરોનાથી સાજો થયો ન હતો. ત્યારે કોરોનાની બીજી લહેરમાં મૃત્યુઆંક વધ્યો છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી ૦૯ દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે. અત્યાર સુધી દાહોદ જિલ્લામાં કોરોનાથી ૩૩૮ લોકો પોતાનો જીવ ગુમાવ્યો હતો. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૧૧ ને પાર થઈ ગયો છે.

# દાહોદમાં ૧૮+ યુવાનો માટે કોરોના રસીકરણ કેમ્પ યોજાયો




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા.૧૬/૦૬/૨૧:

કોરોના વેક્સિન વધુમાં વધુ યુવાનો લે એ માટે નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ એન.એસ.એસ. એકમ અને અર્બન હેલ્થ સેન્ટર–૨, દાહોદ ના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫ ના રોજ રસીકરણ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૦૮ જેટલા યુવાનોનું પ્રથમ દિવસે વેક્સિનેસન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તા. ૧૬ ના રોજ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા સંલગ્ન કોલેજો જેવીકે નવજીવન સાયન્સ કોલેજ, નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જે એન્ડ આર બી.એડ. કોલેજ, ગુર્જર ભારતી બી.એડ.કોલેજ નગરાળાના એન.એસ.એસ. એકમ અને એન.સી.સી. યુનિટ અને અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર – ૨ના સંયુક્ત ઉપક્રમે રસીકરણ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પ દરમિયાન સવારે ૧૨ વાગ્યા સુધીમાં જ ૧૮+ ના ૭૦ જેટલા યુવાનોએ રસીકરણ કરાવ્યું હતુ અને દિવસ દરમિયાન ૧૮૦ જેટલા ૧૮+ યુવાનો અને ૨૦ જેટલા ૪૫+ વ્યક્તિઓ એમ ટોટલ ૨૦૦ જેટલા યુવાનોએ રસીકરણનો લાભ લીધો હતો. સમગ્ર કેમ્પનું આયોજન નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના એન.એસ.એસ. એકમના પ્રોગ્રામ ઓફિસ ડો. શ્રેયસ પટેલ અને સ્વયંસેવકોના સહયોગથી કરવામાં આવ્યું હતું.

# વીસ વર્ષના વિજયા પાટીલ કહે છે કે અફવાઓથી ગેરમાર્ગે દોરાયા વિના સૌ યુવાનો કોરોનાની વેક્સિન લઇ લે




દાહોદ,

દાહોદમાં યુવાનોમાં કોરોનાની રસી લેવા માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે કેટલાંક યુવાનો કોરોનાની વેક્સિન તો લીધી જ છે. સાથે કોરોના અંગે જનજાગૃતિના વિવિધ કાર્યો પણ સ્વૈચ્છાએ કરી રહ્યાં છે. આવા જ એક સ્વયંસેવક વિજયા પાટીલ છે. તેઓ એનએસએસ સાથે જોડાયેલા છે અને અત્યારે કોવીડ રસીકરણ કેમ્પ ખાતે વેક્સિનેશનની કામગીરીમાં જોડાયેલા છે. તેમની ઉંમર ૨૦ વર્ષ છે અને તેમણે કોરોનાની વેક્સિન લીધી છે અને સૌ યુવાનો પણ સત્વરે કોરોનાની વેક્સિન લઇ લે એ માટે અપીલ કરે છે.

તેઓ જણાવે છે કે, મારૂં નામ વિજયા પાટીલ છે. હું કોરોના વેક્સિનેશન કેમ્પમાં સ્વયંસેવક તરીકે સેવા આપી રહી છું. મેં પોતે પણ કોવીડ વેક્સિન લીધી છે. મને તેની કોઇ જ આડઅસર થઇ નથી. આ અંગેની બધી જ અફવાઓ ખોટી છે. આવી અફવાઓમાં વિશ્વાસ ન કરવો. અહીં વેક્સિનેશન કેમ્પમાં સેકડો લોકોએ વેક્સિન લીધી છે. તેમને પણ કોઇ આડઅસર જોવા મળી નથી. જિલ્લામાં હાલમાં ૧૮ થી વધુ ઉંમરના યુવાનોને વેક્સિન આપવાનું ચાલુ છે. ત્યારે સૌ યુવાનો સત્વરે વેક્સિન લઇ લે.

# યુવાન સુધીર મેડા કોરોનાની રસી લીધા બાદ જણાવે છે કે શરીરે સિક્કા ચોંટવા જેવી વાતો સદંતર અફવાઓ છે



દાહોદ,

દાહોદ જિલ્લામાં ૧૮ થી વધુ ઉંમર ધરાવતા યુવાનોને કોરોના રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે યુવાનોમાં કોરોનાની રસી સત્વરે રસી લઇ લેવા માટેની જાગૃકતા જોવી મળી રહી છે. જિલ્લાના યુવાનો કોરોનાની સામે વેક્સિન ને જ અમોઘ અસ્ત્ર માનીને રસીકરણ કેન્દ્રો ખાતે મોટી સંખ્યામાં રસી લેવા પહોંચી રહ્યાં છે. દાહોદના આવા જ જાગૃત યુવક છે સુધીર મેડા. તેઓ ફક્ત ૨૨ વર્ષના જ છે અને એનએસએસ સાથે જોડાયેલા છે. અત્યારે તેઓ વેક્સિનેશન અભિયાનમાં પણ સક્રિય રીતે કામગીરી કરી રહ્યાં છે. તેમણે પોતે પણ વેક્સિન લીધી છે અને યુવાનોને પણ સત્વરે વેક્સિન લઇ લેવા જણાવે છે.

તેઓ જણાવે છે કે, મારૂં નામ સુધીર મેડા છે. હું એનએસએસમાં સ્વયંસેવક તરીકે કામગીરી કરૂં છું. કોરોનાકાળમાં પણ લોકજાગૃતિ તેમજ વેક્સિનેશન માટે કામગીરી કરી રહ્યાં છે. મેં પોતે પણ વેક્સિન લીધી છે. અત્યારે દાહોદ તેમજ અન્ય જગ્યાએ વેક્સિન બાબતે ઘણી અફવાઓ ચાલી રહી છે. જેવી કે વેક્સિન લેવાથી શરીરે સિક્કાઓ ચોટી જાય છે વગેરે મારા અનુભવ પરથી જણાવું છું કે આવું કંઇ થતું નથી. આ બધી સદંતર ખોટી અફવાઓ છે. અત્યારે રાજય સરકાર દ્વારા ૧૮ થી ઉપરના તમામ યુવાનોને કોરોનાની રસીકરણની કામગીરી ચાલી રહી છે. ત્યારે સૌ યુવાનો પણ સત્વરે વેક્સિન લઇ લે એવી મારી અપીલ છે.

# છોટાઉદેપુર ST ડેપોનું ડિઝલ પંપ બગડી ગયો તેને ક્યારે રીપેર કરાશે ?

દે.બારીયા,

છોટાઉદેપુર એસ.ટી. ડેપોનો ડિઝલ પંપ જે બસોમાં ડિઝલ ભરવામાં આવે છે. તે ડિઝલ પંપ છેલ્લા આઠ–દસ દિવસ થી ખોરવાયેલો છે. તેમ છતાં છોટાઉદેપુર એસ.ટી.ડેપોનું વહિવટી તંત્ર તેને રીપેરીંગ કરવામાં નિષ્ફળ છે. જેથી ખાસ કરીને પેસેન્જરો અને બસ કર્મીઓની સમયબદ્ધતા જળવાતા નથી. તેના કારણે તમામને પારાવાર મુશ્કેલીઓનો સામનો છે.

મળતી માહિતી મુજબ વડોદરા ડિવીઝનના વિભાગ તળે આવતો છોટાઉદેપુર ડેપો માંથી અનેક લાંબા રૂટની બસો દે.બારીયા થઈને અવરજવર કરે છે. અમદાવાદ, મોરબી તથા ટંકારા, દાહોદ, ગોધરા જતી છોટાઉદેપુર થી ઉપડતી બસોને દે.બારીયા એસ.ટી. ડેપોમાંથી બસોમાં ડિઝલ ભરવા માટેનો આદેશ છે. જેથી પેસેન્જરોને ટાઈમે ઓફિસે તથા પોતાના કાર્યો કરવાના સ્થળે સમયસર પહોંચાતું નથી. દે.બારીયા ડેપોના ડિઝલ પંપ ઉપર સવારે કોઈપણ કર્મી હાજર હોતો નથી. જેથી બસ અડધો કલાક લેટ થાય છે. બે દિવસ અગાઉ દાહોદ થી છોટાઉદેપુર બસને દાહોદ ડેપોમાં પણ ડિઝલ ભરી ન આપતા તે દે.બારીયા ડેપોમાં ડિઝલ ભરવા માટે ઉભી રહેતા સમયનો ખાસ્સો ભોગ આપવો પડે છે. જેથી વડોદરા ડિવીઝન મેનેજર આ બગડેલા ડિઝલ પંપને તાકીદે રીપેરીંગ કરવાનો તજવીજ હાથ ધરે અને જે તે કંપનીના એરીયા મેનેજરને પત્ર લખીને વહેલીતકે આ ખોટવાયેલ ડિઝલ પંપનું સમારકામ કરવાનો અનુરોધ કરે તેવી પેસેન્જરો અવરજવર કરતા નોકરીયાત વર્ગની માંગણી છે.

# દે.બારીયા શહેરમાં એપ્રોચ રોડ અંધેરી રાતમાં બને છે : કેવો બનશે તે મોટો પ્રશ્ન છે ?

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકાના વિકાસના નામના કાર્યોમાં કેવી ગુણવત્તા હોય છે. તે તો તમામ વાચકોને ખબર હશે ? અંધેરી રાતો મે સુમસામ રાહો પર... એ પણ કોઈપણ નગર પાલિકાના કર્મીની ગેરહાજરીમાં રાત્રીના સમયે બજાર એક બત્તી થી સમડી એક બત્તી સુધીનો એપ્રોચ ડામર રોડ આમ તો બની જવો જોઈતો હતો. આ રોડ દશેરાના સમયે બનવા માટે હતો.આ એપ્રોચ રોડ ત્રણ પ્રમુખો બદલાઈ ગયા તો પણ પુરેપુરો બની શકયો નથી. રાત્રીન અંધારામાં કાર્ય થાય તો તેનો સવાલ તો પૂછવો રહ્યો તેની ગુણવત્તા કેવી હશે ભૂર્ગભ ગટરના ઢાંકણના લેવલ બે ચાર ઈંચ ઉંચા લીધા છે. તે લેવલ સુધી મટીરીયલ વાપરવામાં આવતું નથી. પહેલા પાણીના વરસાદી ધોવાણમાં આ રોડ ધોવાઈ જવાની ભીંતી સેવાઈ છે. તેમજ વરસાદી પાણીના નિકાલની કોઈ જ ધ્યાન આપતું નથી. જેથી કન્યાશાળા પાસે વરસાદી પાણીનો ભરાવો થાય છે. આ અંગે ચીફ ઓફિસરને પણ લેખિત રજુઆત કરવામાં આવી હોવા છતાં તેના ઉપર કર્મી મોનિટરીંગ કરતા નથી. આ રોડના કાર્ય પદ્ધતિ ઉપર પંચમહાલ સમાચારના પ્રતિનિધી તા.૧૬/૬/૨૧ બુધવાના રોજ ઓફિસના સમયે મુલાકાત માટે ગયા પરંતુ સી.ઓ.પોતાની ફરજ ઉપર હાજર ન જણાતા જેથી નગર પાલિકાના હેઠળ તંત્ર આમ જ ચાલે છે શું ? બાબુ આયા... રામ... ગયા રામ...ચાલી રહી છે.

આ એપ્રોચ રોડ ભલે રાતે બને પરંતુ તેની ગુણવત્તાનો અને ટેન્ડર મુજબની શરતોનું પાલન થાય તેવી આમ જનતાની માંગ છે.

# ફતેપુરાના મોટાસરલા ગામે પોલીસમાં ખોટી ફરિયાદ આપો છો કેમ કહી મારમારતાં ફરિયાદ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મોટાસરલા ગામે પોલીસમાં ખોટી ફરિયાદ કરો છો, તેમ કહી મહિલા સહિત ચાર જણાએ સાસુ – વહુને લાકડી તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાં પામી છે.

મોટાસરલા ગામે રહેતાં મનજીભાઈ ગલાભાઈ ગરાસીયા, જમનાબેન મનજીભાઈ ગરાસીયા, અજયભાઈ મનજીભાઈ ગરાસીયા અને મીથુભાઈ મનજીભાઈ ગરાસીયાનાઓ ગત તા.૦૩ જુનના રોજ પોતાના જ ગામમાં રહેતાં શારદાબેન ધનજીભાઈ ગરાસીયાના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમોએ અમારા વિરૂદધ પોલીસમાં ખોટી ફરિયાદો કરો છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ શારદાબેન તથા તેમના સાસુ લાલીબેન બંન્નેને લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત શારદાબેન ધનજીભાઈ ગરાસીયાએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના લખણા ગામે અગમ્ય કારણોસર તકરાર કરી ધિંગાણું મચાવતાં પોલીસ ફરિયાદ નોંધાઈ

ધાનપુર,

ધાનપુર તાલુકાના લખણા ગામે અગમ્યકારણોસર ચાર જેટલા ઈસમોએ એક વ્યક્તિના ઘરે જઈ ઝઘડો તકરાર કરી બેફામ ગાળો એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને ચાર જણાને લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિગાણું મચાવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ગણપતભાઈ માવાભાઈ નાયક, નરપતભાઈ માવાભાઈ નાયક, અરવિંદભાઈ માવાભાઈ નાયક (ત્રણેય રહે. લખણા ગોજીયા, તા.ધાનપુર) અને અરવિંદભાઈ ઘનાભાઈ નાયક (રહે.ઝાપટીયા, તા.દેવગઢ બારીઆ) નાઓએ ગત તા.૦૫મી જુનના રોજ પોતાના જ ગામમાં રહેતાં રતનસિંહ માનસીંહ નાયકના ઘરે આવી બેફામ ગાળો બોલતાં હતાં અને એકદમ ઉશ્કેરાઈ જઈ રતનસિંહ, ગોબરભાઈ તથા તેમની સાથેના બીજા બે વ્યક્તિઓને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત રતનસિંહ માનસિંહ નાયકે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડાના જાદા ખેરીયા ગામની સગીરાનું લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

લીમખેડા,

લીમખેડા તાલુકાના જાદા ખેરીયા ગામેથી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. ગત તા.૧૪મી જુનના રોજ લીમખેડા તાલુકાના જાદા ગામે ડુંગરા ફળિયામાં રહેતો વિજયભાઈ નરસીંગભાઈ મછારે લીમખેડા તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં જાદા ખેરીયા ગામેથી પોતાની મોટરસાઈકલ પર બળજબરીપુર્વક બેસાડી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના ભાઈ દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 251

તા.૧૭/૦૬/૨૦૨૧
ગુરુવાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલના સુરેલી ગામે આર્મી ભરતી માટે

# ફીઝીકલ ટેસ્ટનું આયોજન : માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા

- સોશ્યલ મીડીયામાં વાયરલ થયેલ વિડીયો બાદ વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.
- આર્મી મેન દ્વારા યુવાનો માટે ફીઝીકલ ટેસ્ટ માર્ગદર્શનનું આયોજન કરાયું.
- કાલોલ તાલુકા પ્રમુખ પણ હાજર હતા અને માસ્ક વગર જોવા મળ્યા.

કાલોલ,

કાલોલ તાલુકાના સુરેલી ગામે તાલુકા પંચાયત પ્રમુખે આર્મીની ભરતીમાં આવેદન કરનાર યુવાનોનો જમાવડો કર્યો હતો. રવિવારના રોજ યોજાયેલ જમાવડામાં તાલુકા પ્રમુખ તેમજ યુવાનો માસ્ક વગર જોવા મળ્યા હતા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધાવા પામી છે.


તસ્વીર : નુર બાલા, વેજલપુર

આગામી સમયમાં આર્મી ભર્તી મેળો યોજાનાર છે. ત્યારે કાલોલ તાલુકાના સુરેલી ગામે તાલુકા પંચાયત પ્રમુખની હાજરીમાં આર્મીમાં સોલ્જર તરીકે ફરજ બજાવતા દેવેન્દ્રસિંહ પૂનમભાઈ પટેલ દ્વારા ભરતી મેળામાં જનાર યુવાનોને ફીઝીકલ ટેસ્ટ અંગે માર્ગદર્શન માટે ૧૩ જુનના રોજ સુરેલી ગામે યોજના ન કરવામાં આવ્યું હતું. કાલોલના સુરેલી ગામ આર્મી ભરતીમાં આવેદન કરનાર યુવાનોને ફીઝીકલ ટેસ્ટ માટે મોટી સંખ્યામાં એકઠા કરવામાં આવ્યા હતા. કાલોલ તાલુકા પંચાયત પ્રમુખની હાજરીમાં યોજાયેલ ફીઝીકલ ટેસ્ટ માટેના માર્ગદર્શનમાં પુરુ પાડવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

હાલ કોરોના કાળમાં આવા મેળાવડાના આયોજન ન કરવા માટે જીલ્લા કલેકટરનું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે. તેમ છતાં સુરેલી ગામે આગામી સમયમાં થનાર આર્મી ભરતી માટે ફીઝીકલ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં હાજર રહેલ કાલોલ તાલુકા પ્રમુખ અને યુવાનો માસ્ક વગર જોવા મળ્યા હતા. રવિવારના રોજ સુરેલી ગામે આર્મી ભરતી માટેની ફિઝીક્લ ટેસ્ટ માટે એકઠા કરવામાં આવેલ જમાવડામાં માસ્ક કે સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા ઉડયાનો મેસેજ સોશ્યલ મીડીયમાં વાયરલ થયો હતો. સોશ્યલ મીડીયામાં વાયરલ થયેલ વિડીયોને આધારે પોલીસ હરકતમં અવી હતી અને કાલોલના સુરેલી ગામે યોજાયેલ આર્મી ભરતી પૂર્વના ફિઝીકલ ટેસ્ટનું આયોજન કરનાર દેવેન્દ્રસિંહ પૂનમભાઈ પટેલ સામે કોરોના સંક્રમણના સમયે રાજ્ય સરકાર અને જીલ્લા કલેકટરના જાહેરનામા ભંગ માટે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કાલોલના સુરેલી ગામે કોરોના મહામારી વચ્ચે કોઈપણ જાતની મંજુરી વગર આગામી સમયમાં યોજાનાર આર્મી ભરતી માટે આવેદન કરનાર યુવાનોને ફિઝીકલ ટેસ્ટનું આયોજન ૧૩ જુનના રોજ કરવામાં આવ્યું હતું. આર્મી મેન દ્વારા કાલોલ તાલુકા પ્રમુખની હાજરીમાં સુરેલી બસ સ્ટેશન પાસે આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કોરોના ગાઈડ લાઈનનો ભંગ કરવામાં આવ્યો હતો. એકઠા કરવામાં આવેલા યુવાનો તેમજ આયોજક માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા ઉડાવતા હોય તેવા વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો હતો.

## વેજલપુર ગામમા ચોરો નો તરખરાટ : અજાણ્યા ચોરએ ડુપ્લીકેટ ચાવી થી ઈકો ગાડીની ઉઠાંતરી કરી રફુચક્કર

કાલોલ,

કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં બરોડા બેંક ની સામે રહેતા પારશ કુમાર સતિષચન્દ્ર શાહ કરિયાણાની દુકાનના વેપાર કરતાંઓ એમની પાસે સફેદ કલરની ઈકો ગાડી હતી જેનો રજીસ્ટર નંબર G.J.17 BA 0127 નંબરની ૨૦૧૫ની સાલમાં એમના ભાઈ ભાવેશના નામે લીધેલ હતી. જે ગાડી ઘરકામ અર્થે વાપરતા હતા. તા ૦૬/૦૬/૨૦૨૧ના રોજની જેમ ઘર આંગણે પાર્ક કરી સુઈ ગયેલ હતા બીજા દિવસ સવારે સાતેક વાગ્યા બહાર નીકળીને જોતા મુકેલ જગ્યાએ ગાડી જોવા ન મળતા. તેમના ભાઈ ભાવેશ ના પત્ની ફાલ્ગુનીબેન જોડે વાત કરતા જણાવ્યુ કે રાતના એક વાગ્યે હું મારી છોકરીને દવા લગાડવા માટે જાગેલ હતી તે સમયે આપણી ગાડી મુકેલ જગ્યાએ બરાબર મેં જોઈ હતી. તે પછી આજુ-બાજુ તપાસ કરતા ગાડી મળેલ કે જોવા ના મળતા જે ઈકો ગાડી નંબર જી જે.૧૭-બી. એ-૦૧૨૭ ગાડી કિંમત બે લાખ રૂપિયાની અજાણ્યા ચોર તેમની ઈકો ગાડી ચોરી લઈ નાસી ગયા હતા. બનાવ સંદર્ભે પારશ કુમાર સતિષચન્દ્ર દ્વારા વેજલપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર લોકો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે બીજી તરફ વાત કરીએ તો ગોધરા વડોદરા હાઈવે ઉપર આવેલ ખરસાલીયા ચોકડી પર એક તેલ ના ડબ્બા ના વેહપારી ની દુકાન નુ સટર અને અંદર ભાગે આવેલ ફડાતાલ તોડી ને તેલ ના ડબ્બા ની ચોરી કરી હતી અને આજુબાજુ આવેલ એક સી સી કેમેરા પણ તોડ ફોડ કરી હતી અને બીજા અન્ય કેમેરા ફેરવી દીધા હતા ફરી વાત કરીએ તો થોડા સમય પહેલા ગોધરા વડોદરા હાઈવે ઉપર આવેલ સર્વિસ સ્ટેશન ઉપર પાર્ક કરેલ ગાડી માંથી ત્રણ ટાયર ની ચોરી થય હતી જેથી વેજલપુર ગામ જનો મા ભય નો માહોલ.


## શહેરાના મોરવા ગામના માજી સરપંચ દ્વારા સરકારી જમીનમાં દુકાનનું બાંધકામ કરતા નોટીસ અપાઈ

શહેરા,

શહેરા તાલુકાના મોરવા ગામના માજી સરપંચ દ્વારા ગેરકાયદેસર રીતે સરકારી જમીનમાં આવેલ ગ્રામ સેવક કવાર્ટસની જમીનનો પાયો તોડી નાખી દુકાન બનાવી દેવામાં આવ્યું હોય આ બાબતે મોરવા તલાટી દ્વારા માજી સરપંચને નોટીસ આપવામાં આવી છે.

શહેરા તાલુકાના મોરવા ગામના માજી સરપંચ દિલીપભાઈ ઈશ્વરભાઈ પટેલ દ્વારા ગેરકાયદેસર રીતે ગામમાં આવેલ સરકારી જમીનમાં ગ્રામ સેવક કવાર્ટસની જમીનમાં પાયો તોડી નાખવામાં આવ્યો હતો અને દુકાનનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હોય આ બાબતે મોરવા તલાટી દ્વારા માજી સરપંચ ઈશ્વરભાઈ પટેલને નોટીસ આપવામાં આવી છે કે, બસ સ્ટેશન નજીક આવેલ સર્વે નંબર ૧૭૬ માં દબાણ કરવામાં આવ્યું છે. જો બાંધકામ માટે મંજુરી લેવામાં આવી ન હોય તો તોડી પાડવામાં આવશે અને તોડવાનો ખર્ચ વસુલ કરવામાં આવશે. બાંધકામની મંજુરી મેળવી હોય તો રજુ કરવાના સુચન કરવામાં આવ્યું છે.

## ABVP SGGU દ્વારા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોને લઈ આવેદન પત્ર આપ્યું


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ABVP SGGU દ્વારા ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી ખાતે વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોને લઈને રજુઆત કરવામાં આવી.

(૧) જે વિષયની પરીક્ષા બાકી છે. તેની તારીખ ની સ્પષ્ટતા કરવામાં આવે. (૨) જે વિદ્યાર્થીઓને મેરીટ બેઈઝડ પ્રોગ્રેશન આપવામાં આવ્યુ છે. તેમની પરીક્ષા ફી પરત કરવામાં આવે. (૩) જે વિદ્યાર્થીઓનું તાપમાન વધુ હોય કે કોરોના થયેલ હોય તેમના માટે ફરીથી પરીક્ષા નું આયોજન કરવામાં આવે. આ વિષયોને લઈને માંગ કરવામાં આવી.

## ઘોઘંબાના શનિયાડા ચોકડી પાસેથી મારૂતિવાનમાં લઈ જવાતો ૮૭ હજારનો દારૂ સાથે એક ઈસમે ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના દામાવાવ પોલીસ શનિયાડા ચોકડી ગોધરા રોડ ઉપર ચેકીંગમાં હોય દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી મારૂતિ વાનને રોકી હતી અને ચેકીંગ કરતા ગાડી માંથી ઈંગ્લીશ દારૂ કિંમત ૮૭,૩૬૦/-રૂપીયા તથા ગાડી મળી ૧,૮૭,૩૬૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના દામાવાવ પોલીસ શનિયાડા ચોકડી થી ગોધરા રોડ ઉપર વાહન ચેકીંગમાં હતા. દરમ્યાન પસાર થતી મારૂતિવાન નંબર જીજે.૧૮.બીએ.૨૧૪૪ ને રોકી હતી અને ચેકીંગ કરતા ગાડી માંથી ઈંગ્લીશ દારૂની પેટીઓ નંગ-૧૩ કિંમત ૮૭,૩૬૦/-રૂપીયાનો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. ગાડી અને દારૂ સહિત ૧,૮૭,૩૬૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે શૈલેષ જીવાભાઈ ગોરી, લીમડી, તા. ઝાલોદને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે દામાવાવ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## મોરવા(હ)ના બલુખેડી ફળીયામાંથી ૮ હજારના દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો

મોરવા(હ),

મોરવા(હ) ગામે બલુખેડી ફળીયામાં રહેતા ઈસમે પોતાના કબ્જામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને વેચાણ કરતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ૬,૧૨૬/-રૂપીયાના જથ્થા સાથે પકડાઈ જતાં ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ)ની બલુખેડી ફળીયામાં રહેતા કમલેશ ઉર્ફે કનો ઉદેસિંહ તાવિયાડ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખીને વેચાણ કરતો હોય તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ટીન બીયર નંગ-૧૧, કાચના કવાટરીયા નંગ-૮, વ્હીસ્કી માર્કાના કવાટરીયા નંગ-૧૧, મેકડોલ્સ કાચના કવાટરીયા નંગ-૬ મળી કુલ ૬,૧૨૬- રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. તેમજ કમલેશ ઉર્ફે કમો ઝડપાઈ જતા મોરવા(હ) પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા વકીલોને

## દિલ્હી સરકાર દ્વારા આપવામાં આવતી સેવાઓ ગુજરાત સરકાર આપે તેવી માંગ સાથે કલેક્ટરને આવેદનપત્ર

ગોધરા,

આજ રોજ પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા કલેકટર પંચમહાલ નાઓને એક આવેદનપત્ર આપવામાં આવ્યું.




આવેદનપત્ર આપી ગુજરાત સરકાર પાસે એવી માંગ કરવામાં આવી છે કે, કોરોના મહામારીના સમયમાં કોર્ટની કામગીરી બંધ રહી અને વકીલાત વ્યવસાયમાં ખુબ મોટી અસર પડી રહી છે અને આર્થિક સમસ્યાઓ પણ ઉદ્દભવી રહી છે. ત્યારે ગુજરાત સરકારને વિનંતી સહ રજૂઆત કરવામાં આવે છે કે, દિલ્હીમાં ધારાશાસ્ત્રીઓને જેવી સેવાઓ દિલ્હી સરકાર આપી રહી છે. તેવી સેવાઓ ગુજરાત સરકાર પણ આપે એવી માંગ અને ઉલ્લેખ સાથે જણાવવામાં આવ્યું છે કે, ધારાશાસ્ત્રીઓ જ્યાંથી કામગીરી કરતાં હોય તે ઓફિસ અથવા ઘરનો પ્રોપર્ટી ટેક્ષ અને પ્રોફેશનલ ટેક્ષમાં બે વરસ સુધી માફી આપવામાં આવે. લાઈટબીલના ફિક્સ ચાર્જ બે વરસ સુધી માફ કરવામાં આવે. આ જોગવાઈ ગુજરાત સરકારે હોટલ અને રેસ્ટોરન્ટ વાળા વ્યવસાય કારકોને આપવામાં આવી છે.

સાથે સાથે દિલ્હી સરકાર દ્વારા ધારાશાસ્ત્રીઓને અલગ બજેટ ફાળવી તેઓના કુટુંબ માટે પાંચ લાખ સુધીનો મેડિકલ ઈન્શ્યોરન્સ આપે છે અને ધારાશાસ્ત્રીના મૃત્યુ બાદ દસ લાખ સુધીનો લાઈફ ઈન્શ્યોરન્સ આપવામાં આવે છે. તેવી જ યોજના અને સેવા ગુજરાત સરકાર પણ અલગથી બજેટમાં જોગવાઈ કરે અને ગુજરાતના ધારાશાસ્ત્રીઓ માટે દિલ્હી સરકાર જેવી સુવિધા આપે. સાથે સાથે ધારાશાસ્ત્રીઓ ઉપર વધી રહેલા અત્યાર માટે Advocate Protection Act તાત્કાલિક વિધાનસભામાં પ્રસ્તાવ મુકીને પાસ કરે અને વકીલો ઉપર થતાં અત્યાચાર, હેરાનગતિ ને રોકવામાં આવે એવી પ્રબળ માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું.

જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆ, જિલ્લા સંગઠન મંત્રી દર્શન વ્યાસ, જિલ્લા મહિલા પ્રમુખ આનંદીબેન બારીઆ (વકીલ), જિલ્લા લીગલ સેલ પ્રમુખ હસનૈન પ્રેસવાલા (વકીલ), જિલ્લા સહ સંગઠન મંત્રી કૃણાલ ચૌહાણ તથા અન્ય કાર્યકરો હાજર રહ્યા હતા.

## સરકારી ઈજનેરી કોલેજ ગોધરામાં વિશ્વ યોગ દિવસ નિમિતે ત્રિ દિવસીય ઓનલાઈન યોગ -પ્રાણાયામ શિબિર નું આયોજન થશે



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાની NSS કમિટીના સભ્યો દ્વારા આચાર્ય પ્રો. એ.કે. પટેલના માર્ગદર્શન હેઠળ પ્રો.દીક્ષિત પાઠક દ્વારા ઓનલાઈન યોગ-પ્રાણાયામ શિબિરનું આયોજન થઈ રહ્યું છે. જેમાં મિકેનિકલ વિભાગના પ્રો. એન. જે. પરમાર (NSS કોર્ડિનેટર)ની અદયક્ષતામાં મિકેનિકલ વિભાગના પ્રો. હાર્દિક શુકલ, પ્રો. એમ.કે. પટેલ, સીતાબેન સેલોત, મૌલિકાબેન ચૌધરી વિગેરેના સહયોગ થી તારીખ ૧૯ જૂન થી ૨૧ જૂન સુધી સવારે ૭ વાગ્યાં થી ત્રણ દિવસ માટે ગુગલ મીટના માદ્યમ થી ઓનલાઈન યોગ-પ્રાણાયામ શિબિર યોજાઈ રહી છે. પ્રો.હાર્દિક શુકલ એ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં અંદાજે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૩૦ જેટલાં અદયાપકો આ ઓનલાઈન શિબિરમાં લાભ લે એવી સંભાવના છે. પ્રો. દીક્ષિત પાઠક દ્વારા તાડાસન, ત્રિકોણસન, વકરાસન, ભુજનગાસન,અનુલોમ-વિલોમ, ભ્રામરી, કપાળભાતી, દયાન વિગેરેનું નિદર્શન કરવામાં આવશે. પ્રો. એ.કે. પટેલે જણાવ્યું હતું કે ને અદયાપકો તેમજ વિદ્યાર્થીઓની શારીરિક તેમજ માનસિક તંદુરસ્તીમાં વધારો થાય, એકાગ્રતા વધે તે માટે આ ઓનલાઈન શિબિર યોજાઈ રહી છે.

## ચાંપાનેર હેરિટેજ સ્થળોને સરકારની ગાઈડલાઈન સાથે ખોલવામાં આવ્યા


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ,

પાવાગઢ ખાતે આવેલ હેરિટેજ મોન્યુમેન્ટ્સ પ્રવાસીઓ માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા. કોરોનાના કારણે ઘણા સમય થી બંધ હતા. પાવાગઢ ખાતે આવેલા ઐતિહાસિક સ્થળો જયારે પાવાગઢ મંદિરની સાથે-સાથે હવે હેરિટેજ સાઈટ્સની પણ પ્રવાસીઓ મુલાકાત લઈ શકશે. પાવાગઢ ખાતે આવેલા વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક સ્મારકોને નિહાળવા ગુજરાત સહિત દેશ વિદેશ થી પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે જયારે જુમ્મા મસ્જિદ, સાત કમાન, શહેર કી મસ્જિદ સહિત ના મોન્યુમેન્ટ્સ ખોલવામાં આવ્યા છે. કોવિડ ૧૯ ની ગાઈડલાઈનનું પાલન કરી તમામ ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈ શકાશે અને આર્કિઓલોજી વિભાગ દ્વારા પ્રવાસીઓના ટેમ્પરેચર ચેક કરવા, સેનેટાઈઝર કરવા સહિતની સુવિધા ઉપલબ્ધ પણ કરવામાં આવી છે.